**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૬ ટકા

# ૩૫ વર્ષીય પરણિતાનો ઝેરી ગોળીઓ ખાઈને આપઘાત

## સરગાસણની શ્રી શરણમ સોસાયટીમાં રહેતી પરિણીતાએ કોઈ કારણોસર ઘઉંમાં મુકવાની ગોળીઓ ખાઈને આપઘાત કર્યો

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા સરગાસણ પાસેની શ્રી શરણમ સોસાયટીમાં રહેતી ૩૫ વર્ષીય પરિણીતાએ ગઈ મોડી સાંજે કોઈ અગમ્ય કારણોસર ઝેરી ગોળીઓ ખાઈ લઈને મોતને વ્હાલુ કરી લીધું હતું. પરિણીતાએ કયાં કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ સુધી રહસ્યમય છે. જો કે આ મામલે પોલીસને જાણ થતાં સેક્ટર-૭ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

સરગાસણ પાસે આવેલી શ્રી શરણમ સોસાયટીમાં મકાન નં. ડી-૧૦૪ ખાતે રહેતા ૩૫ વર્ષીય પરિણીતા રચિતાબેન જગદિશભાઈ નમેરાએ ગઈકાલે મોડી સાંજે આઠ વાગ્યાના અરસામાં પોતાના ઘરે જ કોઈ કારણોસર આપઘાત કરી લીધો હતો. રચિતા બેન ઘરે એકલા હતા ત્યારે તેમણે ઘઉમા મુકવાની ઝેરી ગોળીઓ મુઠી ભરીને મોમાં મૂકી દીધી હતી. એક સાથે મુઠી ભરીને ઝેરી ગોળીઓ ગળી જતા તેમને શરીરમાં બળતરાઓ શરૂ થઈ ગઈ હતી. આ બાબતની જાણ થતા જ પરિવારના સભ્યો અને પડોશીઓ એકત્ર થઈ ગયા હતા અને તાત્કાલિક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી તેમને ગંભીર હાલતમાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જોકે સારવાર દરમિયાન તેમનું કરુણ મૃત્યુ હતુ. આ ઘટના અંગે સેક્ટર-૭ પોલીસને જાણ થતા પી.એસ.આઈ એસ.ડી.કાળાત તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતનો ચોક્કસ કારણ બહાર લાવવા માટે તજવીજ શરૂ કરે છે.

# શહેરમાં ૧૦મીથી કરૂણા અભિયાન

ગાંધીનગર,તા. ૮

ઉત્તરાયણએ આનંદ અને ઉત્સાહનો પર્વ છે. ઉત્તરાયણના તહેવાર દરમ્યાન ધાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક સારંવાર મળી રહે તેવા આશયથી સમગ્ર રાજયમાં કરૂણ અભિયાનનો આરંભ કરવામાં આવે છે. આ અભિયાનને વધુ સાર્થક બનાવવાના ઉમદા આશયથી આજે ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે.લાંગાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, ઉત્તરાયણ દરમ્યાન કેટલાય લોકો ધાબા પરથી પડી જવાના બનાવા બનતાં હોય છે. તેમજ કેટલાય અબોલા પક્ષી – પશુઓ અને ટુ – વ્હીલર ચાલકો દોરીથી ધાયલ થતાં હોય છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરૂણા અભિયાન અતર્ગત ઉત્તરાયણ- ૨૦૧૯ના પર્વમાં આવી કોઈ ધટનાનો ભોગ બનનાર વ્યક્તિ અને પશુ- પક્ષીઓને તાત્કાલિક સારંવાર મળી તેવા ઉમદા આશયથી સમગ્ર જિલ્લામાં કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે. પશુ- પક્ષીઓ ધાયલ થાય તો કરૂણા અભિયાન એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર – ૧૯૬૨ પર સંપર્ક કરી શકાશે. તે ઉપરાંત ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૧૨ થી ૧૫ મી જાન્યુઆરી, ૨૦૧૯ માટે ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે. જેનો નંબર –૦૭૯ ૨૩૨ ૫૬ ૭૨૦ છે. તેની સાથે ગાંધીનગર જિલ્લા વન સંરક્ષકની કચેરી દ્વારા તા. ૧૦મી થી તા. ૨૦મી જાન્યુઆરી, ૨૦૧૯ દરમ્યાન તમામ તાલુકામાં કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે. જેમાં દહેગામ તાલુકા માટેના કંટ્રોલ રૂમનો નંબર ૦૨૭૧૬- ૨૩૩૦૭૪, કલોલ માટે નંબર- ૦૨૭૬૪ ૨૨૨૧૫૨, માણસા તાલુકા માટેના કંટ્રોલ રૂમનો નંબર ૦૨૭૬૩ ૨૭૦૯૩૪ અને ગાંધીનગર માટે વન ચેતના કેન્દ્ર સેકટર- ૩૦ કંટ્રોલ રૂમ નંબર – ૦૭૯ ૨૩૨ ૬૦૬૩૨ અને ૨૩૨ ૪૬૯૨૨ છે.

**ઘાયલ થયેલા પક્ષીઓની જાણ કરૂણા અભિયાન હેલ્પલાઇન નંબર- ૧૯૬૨ અને ૦૭૯ ૨૩૨ ૬૦૬૩૨ તથા ૦૭૯ ૨૩૨ ૪૬૯૨૨ : ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરી ખાતે તા. ૧૨ થી ૧૫ જાન્યુઆરી દરમ્યાન ખાસ કંટ્રોલ રૂમ શરૂ થશે.. જેનો નંબર – ૦૭૯ ૨૩૨ ૫૬૭૨૦**

કલેકટર એસ.કે.લાંગાએ વધુમાં જણાવ્યું હતું કે, આ અંગેની લોક જાગૃતિ કેળવાય અને વધુમાં વધુ જીવદયાપ્રેમી આ અભિયાનમાં સહભાગી બને તેવા ઉમદા આશયથી જિલ્લાના વિવિધ



સ્થળોએ રેલી, બેનર્સ અને અન્ય રીતે પ્રચાર- પ્રસાર કરવાની કામગીરી માટેની વાત પર પણ ભાર મુક્યો હતો. આગામી દિવસોમાં આ અંગે સુચારું આયોજન કરવા પણ સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. તેમજ ગાંધીનગર જિલ્લામાં ચાઈનીઝ દોરી- તુક્કલ ન વેચવા અંગેના જાહેરનામાનો પણ કડક રીતે અમલ કરવા પણ સંબંધિત અધિકારીઓને સુચના આપી હતી. ઉત્તરાયણનો તહેવારનું ધાર્મિક મહત્વ પણ ખૂબ જ હોવાથી આ દિવસ દરમ્યાન નદી કાંઠે સ્નાન કરવા જતાં લોકોની સલામતી અને સુરક્ષા માટે ભાટ જેવા વિસ્તારમાં ફાયર બ્રિગેડની ટીમને હાજર રહેવા પણ જણાવ્યું હતું.

આ બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ, નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# પોર ગામમાં ઓએનજીસીના તેલના કૂવા પાસે આગ

## તેલ ના કૂવાથી થોડે જ દૂર લાગેલી આગને પગલે દોડધામ મચી : ગાંધીનગર ઉપરાંત કલોલ અને ઓએનજીસીની ફાયર બ્રિગેડની ટીમો દોડતી થઈ : પોણા કલાકની જહેમતે આગ કાબુમાં લઈ લેવાઈ: તેલના કૂવા સુધી આગ પહોંચે તે પહેલા આગને કાબુમાં લઈ લેવાતા મોટી દુર્ઘટના ટળી

ગાંધીનગર, તા.૮

અડાલજ નજીક આવેલા





પોર ગામની સીમમાં ઓએનજીસી સંકુલમાં તેલના કૂવાની બાજુમાં જ કોઈ કારણોસર આગ લાગતા ફાયર બ્રિગેડની ટીમો દોડતી થઈ ગઈ હતી. તેલના કૂવાની બિલકુલ નજીક લાગેલી આગની ગંભીરતા સમજીને ગાંધીનગર ફાયર બ્રિગેડ ઉપરાંત તાત્કાલિક આ સ્થળે કલોલ ફાયર બ્રિગેડ અને ઓએનજીસી ફાયર બ્રિગેડની ટીમ દોડી આવી હતી. પાણીનો મારો ચલાવીને ફાયર બ્રિગેડની ટીમે મળીને આગને પણ આ કલાકની જહેમત બાદ કાબૂમાં લઈ લીધી હતી. સદભાગ્યે આ આગ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ કે કોઈને ઈજા થવા પામી ન હતી. નોંધનીય બાબત તો એ છે કે તેલના કૂવા સુધી આગ પહોંચે તે પહેલાં જ આગને સમયસર કાબૂમાં લઈ લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી.

મળતી માહિતી મુજબ આજે બપોરના અરસામાં ગાંધીનગર ફાયર બ્રિગેડને જિલ્લા પોલીસ કંટ્રોલ રૂમમાંથી મેસેજ મળ્યો હતો કે અડાલજ પાસે આવેલા પોર ગામમાં ઓએનજીસીના સંકુલમાં ઓએનજીસીના તેલકૂવાની બિલકુલ બાજુમાં આગ લાગી છે. આ બાબતને ગંભીરતાથી લઈને ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમો બે વોટર બ્રાઉઝર સાથે ઘટના સ્થળે પહોંચવા રવાના થઈ ગઈ હતી. તેની સાથે જ કલોલ અને ઓએનજીસી ફાયર બ્રિગેડની ટીમો પણ વોટર બ્રાઉઝર સાથે ઘટનાસ્થળે પહોંચવા રવાના થઈ ગઈ હતી. ચારે ટીમોએ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચીને આગને કાબૂમાં લેવા પાણીનો મારો શરૂ કર્યો હતો. તેલના કૂવાની બિલકુલ બાજુમાં પડેલા કેબલો તથા અન્ય લાકડાનો સામાન સળગી રહ્યો હતો. આ આગ પ્રસરીને તેલના કૂવા સુધી પહોંચે તો મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ હતી. જેને પગલે ફાયર બ્રિગેડની ટીમે તેને તાત્કાલિક કાબૂમાં લેવા પ્રયત્નમાં લાગી ગઈ હતી. પોણા કલાકની જહેમત બાદ ફાયર બ્રિગેડની ટીમોને આગને કાબુમાં લેવામાં સફળતા મળી હતી. તેલ ના કૂવા સુધી આગ પહોંચે તે પહેલાં જ આગ કાબુમાં લઈ લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી. સદ્નસીબે આ દુર્ઘટના સમયે એ સ્થળ પર કોઈ મોટી અવરજવર ન હોવાથી કોઈ જાનહાની કે ઈજાઓ થવા પામી નથી. આ સ્થળ ઉપર આગ લાગવાનું કારણ હજુ રહસ્યમય છે. જયાં આગ લાગી ત્યાંથી ૧૧,૦૦૦ કિલો વોટની ઈલેક્ટ્રીક લાઈન પણ જતી હતી. આગ શોર્ટ સર્કિટથી લાગી હોવાની પણ શકયતા વ્યક્ત કરવામાં આવી છે.

# સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની અટકાયત

## અઢી દાયકા બાદ પણ પડતર પ્રશ્નનો ઉકેલ ન આવતા કર્મચારીઓમાં રોષ






ગાંધીનગર, તા.૮

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓની વર્ષો જુની પડતર માંગણીઓનો ૨૮ વર્ષ બાદ પણ ઉકેલ આવ્યો નથી. તો બીજીતરફ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ કેન્દ્રો બંધ રાખીને હજ્જારો કર્મચારીઓએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. રાજયના મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને યોગ્ય ન્યાય મળે તે માટે રજુઆત કરાઈ છે. ત્યારે આજે શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ આવી જતા પોલીસે અટકાયત કરી છે.

રાજયભરમાં આવેલ મધ્યાહન ભોજન યોજના હેઠળ કામ કરતા સંચાલકો, રસોઈયા, મદદનીશો સામાન્ય વેતનમાં કામ કરે છે. અઢી દાયકાથી વધુ સમય છતા પગારમાં વધારો થવા પામ્યો નથી. પોતાના પડતર પ્રશ્નોને લઈ તંત્ર સમક્ષ વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા આજદિન સુધી નિકાલ આવ્યો નથી. ત્યારે તેઓની પડતર માંગણીઓમાં પગાર ધોરણ લઘુતમ વેતન આપી કાયમી કરવા, એનજીઓ દાખલ છે તે રદ કરવી અને કર્મચારીઓને પુનઃ નોકરી આપવી, નવો મેનુ અને અલાયદો નાસ્તો આપવાના જી.આર. કરવામાં આવ્યો છે તેમા સુધારો કરી નવા મેનુંનો જીઆર કરવો, વયનિવૃત કર્મચારીના વારસદારને નિમણુંક આપવી, પગાર, પેશગી અને પુરવઠ્ઠાના જથ્થો નિયમિત મળે તે રીતનું આયોજન કરવું સહિતનો સમાવેશ થાય છે. પડતર પ્રશ્નોને લઈ અનેકવાર આંદોલન કરવામાં આવ્યા છતા સરકારના પેટનું પાણી હલતું નથી. સંચાલકો,મદદનીશ અને રસોઈયા સહિતની ફરજો બજાવનાર સાવ મામુલી પગારમાં વર્ષોથી નોકરી કરી રહ્યા છે. ત્યારે આજે સવારે ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ આવી પહોચ્યા હતા. પરમીશન ના હોવાથી આ કર્મચારીઓને પોલીસ દ્વારા અટકાયત કરી દેવામાં આવી હતી.જયારે કર્મચારીઓએ મુખ્યમંત્રીને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.



**શ્રી જલારામ મહિલા મંડળ દ્વારા કચરિયાનું વિતરણ**

શિયાળામાં શ્રેષ્ઠ વસાણું ગણાતું કચરિયું આજકાલ હોટ ફેવરીટ છે... આરોગ્યપ્રદ કચરિયું સ્વાસ્થ્ય માટે તો ઉત્તમ છે જ સાથે સાથે શક્તિવર્ધક પણ છે. શ્રી જલારામ મહિલા મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સે. ૨૯ દ્વારા સે. ૧૭, સે. ૧૩ અને સે. ૨૪ની સરકારી શાળામાં વિદ્યાર્થીઓને કચરિયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રમુખ નીમાબેન ધાકોઈ, સહમંત્રી ઉષાબેન જી. ઠક્કર, દિપ્તીબેન દાસાણી, ભાનુબેન ઠક્કર, કુસુમબેન તન્ના તેમજ કારોબારીના અન્ય બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ચાર વર્ષથી નાસતો ફરતો બુટલેગર પ્રાંતિજ પાસેથી પકડાયો

ગાંધીનગર.તા,૮

ગાંધીનગર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીના આધારે અમરેલી જિલ્લાના પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં ચાર વર્ષથી નાસતા-ફરતા બુટલેગરને પ્રાંતિજ પાસેના વડવાસા ગામમાંથી પકડી પાડયો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે તેને દબોચી લઇ તેની અટકાયત કરી અમરેલી પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે. ગાંધીનગર એલસીબી પીઆઇ નિરજ પટેલ અને તરલ ભટ્ટની સૂચનાથી તેમની ટીમે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આવા આરોપીઓની યાદી બનાવી તેમને પકડી પાડવા બાતમીદારો સક્રિય કર્યા છે. દરમિયાન પી.એસ.આઇ વી.એમ.ઝાલાની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ નરેશકુમારને ખાનગી રાહે બાતમી મળી હતી કે અમરેલી જિલ્લાના જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો સાબરકાંઠાના ઈડર તાલુકાના બડોલી વિસ્તારનો આરોપી મનોજ બનવારીલાલ બારોટ પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામના પાટીયા નજીક પેટ્રોલ પંપ પાસે હાજર છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ પેટ્રોલ પંપ પાસે વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને આરોપીને દબોચી લેવામાં આવ્યો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે આ ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીની અટકાયત કરી અમરેલીની પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.



જ્યોતિ મહિલા મંડળ અને રાધે ક્રિષ્ના ભજન મંડળ દ્વારા સે. ૫-એ ખાતે ઉત્તરાયણ નિમિત્તે પુણ્યદાન અર્થે કુતરાઓ માટે તલના લાડુ બનાવાયા હતા. જેમાં ડૉ. ચેતના બૂચ, નીરૂબેન નાયક અને સે. ૫-એના બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ડભોડા નજીક આવેલા ગલુદણ ગામમાંથી ચાર જુગારીઓ પકડાયા

## ગામના ખેતરમાં ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા ચારેય પાસેથી રોકડ રુ.૨૨૯૦ જપ્ત

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલા ડભોડા પાસે ગલુદણ ગામની સીમમાં ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની બાતમીને આધારે પોલીસે દરોડો પાડીને ચાર જુગારીઓને પકડી પાડયા છે. ગામના ખુલ્લા ખેતરમાં બાજી માંડીને બેઠેલા ચારેય શકુનીઓની રોકડ રૂ.૨૨૯૦ સાથે ધરપકડ કરી ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ડભોડા પોલીસ મથકના પીએસઆઈ હિરેન દેસાઈની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ આશિષકુમારને બાતમી મળી હતી કે દહેગામ-નરોડા હાઈવે પર ગલુદણના પાટીયા પાસે જશુભાઈ પુંજાભાઈ પટેલના ખુલ્લા ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. આ બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ખેતરમાંથી ગલુદણ ગામમાં રહેતાં રણજીત કાળાજી ઠાકોર, જશુ વેલાજી ઠાકોર, અશ્વિન નારણભાઈ રાઠવા અને સુરેશ ભીખાભાઈ દંતાણી મળીને ચાર શખ્સોને જુગાર રમતા રંગે હાથ દબોચી લીધા હતા. પોલીસે રુ.૨૨૯૦નો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને ચારેય શકુનિઓની ધરપકડ કરી લીધી હતી.

### ચિરવિદાય

- સ્વ. જયંતિલાલ શંકરલાલ પરીખ, ઉ.વ. ૮૦
- વિરમભાઈ જલાભાઈ દેસાઈ, ઉ.વ.૮૬

# માંડ ૧૫૦ મીટરના રોડ પર એક, બે નહી છ સ્પીડબ્રેકર્સ..!!!

## છ માંથી પાંચ સ્પીડબ્રેકર્સ તો માત્ર ૫૦ મીટરના અંતરમાં જ : વાવોલને સોસાયટી વિસ્તાર તથા કલોલ-કોલવડાથી જોડતા માર્ગ પર અસામાન્ય ઊંચાઈ અને સંખ્યા ધરાવતા સ્પીડબ્રેકર્સથી વાહનચાલકો પરેશાન..!!!

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના વાવોલમાં



ગામના બસસ્ટેન્ડથી ગામની બીજી તરફ વિકસેલા સોસાયટી વિસ્તારને જોડતા મુખ્ય માર્ગ પર બિનજરૂરી તથા તદ્દન અયોગ્ય પદ્ધતિએ બનાવાયેલા અસંખ્ય સ્પીડબ્રેકર્સને કારણે વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. આ પ્રકારના ત્રણ માર્ગોમાંથી ગ્રીનસીટી સોસાયટી પાસેથી પસાર થતાં આશરે ૧૫૦ મીટરના માર્ગ પર કુલ ૬ સ્પીડબ્રેકર્સ છે જેમાંથી પાંચ સ્પીડબ્રેકર્સ તો માત્ર ૫૦ મીટરમાં જ બનાવી દેવાયાં છે.

વાવોલ ગામમાં તળાવ પાસે મહાકાળીમાતાજીના મંદિર આગળ મુખ્ય બસસ્ટેન્ડ આવેલું છે. ત્યાંથી વાવોલની બીજી તરફ વિકસેલા સોસાયટી વિસ્તાર જેને ન્યુ વાવોલ તરીકે ઓળખવામાં આવે છે. આ વિસ્તારમાં અસંખ્ય ફ્લેટ્સ અને ટેનામેન્ટ્સની રહેણાંક સોસાયટીઓનો વિકાસ થયો છે જેના કારણે મોટી સંખ્યામાં પરિવારોનો વસવાટ વધ્યો છે. વળી, હજુ પણ નવી ઘણી રહેણાંક સ્કીમોના બાંધકામ થઈ રહ્યાં છે. આ વિસ્તારને જોડતાં મુખ્ય ત્રણ માર્ગો છે જેમાંથી એક બજારમાં થઈ પ્રાથમિક શાળા સામેથી પસાર થાય છે જે આગળ ઉવારસદ થઈને એસજી હાઈવેને જોડે છે, બીજો માર્ગ ગ્રીનસીટી સોસાયટી સામે થઈને પુન્દ્રાસણ ચોકડી સુધી જાય છે જે કલોલ અને કોલવડા તરફના માર્ગોને જોડે છે જ્યારે ત્રીજો માર્ગ અંકુર સોસાયટી સામે થઈને તે પણ પુન્દ્રાસણ ચોકડીએ જોડાય છે. આ કારણે આ ત્રણેય માર્ગો પર ટ્રાફિકનું ભારણ વધ્યું છે. જ્યાંથી ગ્રીનસીટી સોસાયટી સામેનો માર્ગ શોર્ટકટ હોવાથી સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે. આમ તો ત્રણેય માર્ગ પર સ્પીડબ્રેકર્સ બનાવાયાં છે જેમાંથી ગ્રીનસીટી સોસાયટીવાળા માર્ગે સૌથી વધુ સંખ્યામાં અને તદ્દન અપ્રમાણસર અને અયોગ્ય રીતે બનાવાયેલા સ્પીડબ્રેકર્સથી વાહનચાલકો પરેશાની ભોગવી રહ્યાં છે. આ માર્ગ પર અયોગ્ય સ્પીડબ્રેકર્સના કારણે ટુવ્હીલર્સ ચાલકો અને સાયકલચાલક વિદ્યાર્થીઓ પડી જવાના અસંખ્ય બનાવો બની ચુકયાં છે. માંડ ૧૫૦થી ૨૦૦ મીટરના આ માર્ગ પર એક, બે કે ત્રણ નહી પરંતુ છ-છ સ્પીડબ્રેકર્સ બનાવાયા છે એટલું જ નહી પાંચ બમ્પ તો માત્ર ૫૦ મીટરના અંતરમાં જ આવી જાય છે. વળી, કોઈપણ ધારાધોરણના પાલન વગર અયોગ્ય રીતે બનાવાયેલાં આ સ્પીડબ્રેકર્સને કારણે વાહનચાલકોના પડી જવાથી માંડીને ફોર વ્હીલર્સને નીચેથી ઘસાવાથી નુકસાન થઈ રહ્યું છે. સત્વરે આ સ્પીડબ્રેકર્સ ઘટાડવામાં આવે તથા જરૂરી હોય તે સ્પીડ બ્રેકર્સને યોગ્ય ડિઝાઈનથી સુધારવામાં આવે તેવી આ વિસ્તારના રહીશોમાં માંગ પ્રવર્તી રહી છે.

**તુટેલો માર્ગ સુધર્યો પરંતુ બમ્પ જોખમી બન્યા..!!!**

ગ્રીનસીટી સોસાયટીવાળો માર્ગ આમ તો સીસીરોડ બનાવાયો હતો પરંતુ છેલ્લાં કેટલાક સમયથી તુટી જવા પામ્યો હતો. વળી તે માર્ગ પર તાજેતરમાં શાલીન સોસાયટીની ગટરલાઈનના રીપેરીંગ કામ માટે ખોદી નાંખવામાં આવતા અત્યંત બદતર હાલતમાં આવી ગયો હતો પરંતુ તાજેતરમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટના પગલે તેના પર તાત્કાલિક ધોરણે ડામરનું પેવરીંગ કરી દેવાતા રહીશોમાં આનંદની લાગણી છવાઈ છે. જો કે આ પેવરીંગ સ્પીડબ્રેકર્સ પર પણ કરી દેવાતા સ્પીડબ્રેકર્સની ઊંચાઈ અસામાન્ય થઈ જતા રહીશોને ‘‘સોનાની થાળીમાં લોઢાની મેખ’’નો અનુભવ થઈ રહ્યો છે.